**VEER NARMAD**
**SOUTH GUJARAT UNIVERSITY**
Udhna-Magdalla Road, P.B. No. 49
SURAT - 395 007 (Gujarat)
✆ : 2227141 to 2227146
Fax : (0261) 2227312
Gram : SOGUNI

**વીર નર્મદ**
**દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
ઉધના–મગદલ્લા રોડ, પો.બો.નં. ૪૯
સુરત – ૩૯૫ ૦૦૭ (ગુજરાત)
✆ : ૨૨૨૭૧૪૧ થી ૨૨૨૭૧૪૬
ફેક્સ : (૦૨૬૧) ૨૨૨૭૩૧૨
તાર : સોગુની

E-mail : sgu@sguernet.in

સિન્ડિકેટની સામાન્ય સભા
તા.૨૮–૬–૨૦૦૪

ખાનગી
ફકત સભ્યોની જાણ માટે

સિન્ડિકેટની સામાન્ય સભા સોમવાર, તા: ૨૮–૬–૨૦૦૪ ના રોજ બપોરે, ૧–૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

## : કાર્યવાહી :

| ક્રમ | | તા.૨૮–૬–૦૪ |
|---|---|---|
| ૧ | શ્રી પ્રેમકુમાર શારદા. (કુલપતિશ્રી) | હાજર |
| ૨ | – ખાલી – (ઉપ–કુલપતિશ્રી) | –– |
| ૩ | ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪ | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫ | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬ | આચાર્ય ઘનશ્યામ પ્રસાદ છોટુભાઈ સનાઢ્ય | હાજર |
| ૭ | આચાર્ય ડૉ.વિક્રમ બળવંતરાય દેસાઈ | |
| ૮ | ડૉ.કિશોરસિંહ વિજયસિંહ દેસાઈ | હાજર |
| ૯ | ડૉ.પંકજ કાન્તીલાલ હીરાધર | હાજર |
| ૧૦ | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા. | હાજર |
| ૧૧ | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા. | હાજર |
| ૧૨ | ડૉ.મહેન્દ્ર દોલતસિંહ ચૌહાણ | હાજર |
| ૧૩ | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ. | હાજર |
| ૧૪ | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર |
| ૧૫ | ડૉ.વિપુલ જે. સોમાણી | હાજર |
| ૧૬ | શ્રી જયેશ વી દેશકર | હાજર |
| ૧૭ | શ્રી હર્ષદભાઈ પ્રભુદાસ શાહ | હાજર |

(૧) શ્રી જે.બી.ધારૂકાવાળા આર્ટ્સ એન્ડ શ્રી જે.ડી.ગાબાણી કોમર્સ કોલેજ, વરાછા રોડ, સુરતની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૪–૦૫ થી ચાલુ જોડાણ કાયમી ધોરણે મેળવવા શ્રી તાપી બ્રહ્મચર્યાશ્રમ સભા, સુરતના પ્રમુખશ્રીએ તેમના તા.૧૪–૬–૨૦૦૪ ના પત્રાંક : ૫૫૪/૨૦૦૪ સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણ અરજી ઉપર વિચારણા કરવા બાબત.

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલેજની જોડાણ અરજીના સંદર્ભમાં સ્થાનિક તપાસસમિતિ પર સભ્યોની નિમણૂક કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

(૨) શ્રી કે.જે.પોલીટેકનીક, ભરૂચમાં નવી સરકારી ડીગ્રી એન્જિનીયરીંગ કોલેજ (કોર્ષ: મિકેનીકલ એન્જિનીયરીંગ, ઇલિકટ્રીકલ એન્જિનીયરીંગ, ઇલિકટ્રોનીકસ એન્ડ કોમ્યુનીકેશન એન્જિનીયરીંગ) શૈક્ષણિક વર્ષ: ૨૦૦૪–૨૦૦૫ થી શરૂ કરવા પ્રસ્તુત કોલેજનાં ઇનચાર્જ આચાર્યશ્રીએ તેમના તા.૧૦–૬–૨૦૦૪નાં પત્રાંક : કેજેપી/એન્જિ.કોલ./૧૮૯૫ સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણ અરજી ઉપર વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલેજની જોડાણ અરજીના સંદર્ભમાં સ્થાનિક તપાસસમિતિ પર સભ્યોની નિમણૂક કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

(૩) એમ.આર.આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, રાજપીપળામાં આદિવાસી વિદ્યાર્થીઓની સંખ્યામાં થયેલ વધારા પ્રમાણે અનુષાંગિક ડીવીઝનની સંખ્યા વધારવાના અભિપ્રાય સાથે, યુનિવર્સિટીએ પરિપત્રિત કરેલ સુધારેલ ઓર્ડિનન્સ–૬૭માં જરૂરી સુધારો કરી ફેર–વિચારણા કરવા, સદરહુ કોલેજના આચાર્યશ્રીના તા:૧૨–૫–૨૦૦૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.......

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતના સંદર્ભમાં ઓર્ડિનન્સ–૬૭માં જરૂરી સુધારા–વધારા કરવા નીચેના સભ્યોની સમિતિ નીમવી:

૧. આ.શ્રી જી.પી.સનાઢ્ય(કન્વીનર)

૨. ડો.વિપુલ સોમાણી

૩. આ.શ્રી.જે.એમ.નાયક

૪. ડો.મીનુ પરબીયા

(૪) યુનિવર્સિટીની પરીક્ષા વિભાગના સને ૨૦૦૪–૦૫ ના વર્ષની પરીક્ષાઓના ઉપયોગ માટે કોરી માર્કશીટના છાપકામ માટે પહેલીવાર ટેન્ડર ધ્વારા ભાવપત્રકો મંગાવતા ફકત એક જ પાર્ટી–સૂર્યા ઓફસેટ, અમદાવાદના ભાવ કાર્યાલયને મળ્યા. આથી બીજીવાર ટેન્ડર ધ્વારા ભાવપત્રકો મંગાવવામાં આવ્યા. નિયત સમયમાં ૪ પાર્ટીઓના ભાવો કાર્યાલયને પ્રાપ્ત થયા. પરંતુ ચાર માંથી ફકત એક જ પાર્ટીએ અર્નેસ્ટમની ભરી હતી. બાકીની ત્રણ પાટીઓએ અર્નેસ્ટમની ભરી ન હતી. પ્રસ્તુત બાબત સિન્ડિકેટ સમક્ષ રજૂ કરતાં સિન્ડિકેટે તેની તા.૧૯–૨–૨૦૦૪ ની ઠરાવ નં.૩૪ થી કોરી માર્કશીટના છાપકામ માટે વધુ એક વાર ફરીથી ભાવપત્રકો મંગાવવાનું ઠરાવતાં ટેન્ડર નોટિસ ધ્વારા ત્રીજીવાર ભાવપત્રકો મંગાવવામાં આવતાં નિયત સમયમાં ફકત એક જ પાર્ટી સૂર્યા ઓફસેટ, અમદાવાદ તરફથી કાર્યાલયને ટેન્ડર પ્રાપ્ત થયેલ છે. જે સંજોગોમાં ઉપરોકત છાપકામ કરવા અંગે વિચારણા કરવા બાબત. (વહિવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત મુલતવી રાખવામાં આવી છે.

(૫) શ્રી મોરારજી દેસાઈ આર્ટ્સ, બુહારીની જૂન, ૨૦૦૧ થી કાયમી જોડાણ મેળવવા માટે જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર એકેડમિક કાઉન્સિલે તેની તા. ૧૫–૦૯–૨૦૦૩ ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંક : (૫) અન્વયે, વિચારણા કરી પ્રિ. એચ. કે. નાયકને મકાન ભાડાની રકમ ચૂકવવા કોલેજને જણાવવું તેમજ ઓર્ડિનન્સ ૬૯(એ) અને ૬૯(બી) નું યર્થાથ પાલન કરી જે અંગે યુનિવર્સિટીને રીપોર્ટ મળ્યા બાદ જોડાણ અરજી બાબતમાં વિચારવાનું રાખવાનું ઠરાવતાં, મંત્રીશ્રી, માનવકલ્યાણ ટ્રસ્ટને એકેડમિક કાઉન્સિલના ઉપરોકત ઠરાવની જાણ યુનિવર્સિટી કાર્યાલયના તા. ૩૦–૦૯–૦૩ ના પત્રાંક : એસ–એ(બુહારી)(૦૩)/૮૬૧૦ થી કરતા પ્રસ્તુત ટ્રસ્ટના મંત્રીશ્રીએ તેમના તા. ૧૦–૧૦–૨૦૦૩ ના પત્રાંક : ૧૪૪/૨૦૦૩–૦૪ થી મોકલેલ પત્ર તથા સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર એકેડમિક કાઉન્સિલે તેની તા. ૨૩–૧૨–૨૦૦૩ ની સભાના ઠરાવ નં. (૫૬) અન્વયે, કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત.

એકેડમિક કાઉન્સિલની તા. ૨૩–૧૨–૨૦૦૩ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૫૬

:: આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી મોરારજી દેસાઈ આર્ટ્સ, બુહારીની જૂન, ૨૦૦૧ થી કાયમી જોડાણ મેળવવા માટે જોડાણ અરજી ના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં જણાવ્યા પ્રમાણે નીચેની શરતોને આધીન જુન – ૨૦૦૧ થી કાયમી જોડાણ આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, માનવ કલ્યાણ ટ્રસ્ટ, બુહારીના મંત્રીશ્રી તા. ૧૦–૧૦–૨૦૦૩ ના પત્રના સંદર્ભમાં રીપોર્ટ કરવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવી.

૧. પ્રિ. વી. બી. દેસાઈ
૨. પ્રિ.જી. પી. સનાઢ્ય
૩. શ્રી જયેશભાઈ દેશકર

શરતો :–

૧. કોલેજ ગ્રંથાલયમાં દર વર્ષે રૂા. ૧૫,૦૦૦/– ના પુસ્તકો અને રૂા. ૫,૦૦૦/– ના સામાયિકો / વર્તમાનપત્રો મંગાવવામાં આવે અને નવા ખરીદાયેલ પુસ્તકોની રજીસ્ટર્ડમાં નોંધણી વિના વિલંબે કરવામાં આવે.

૨. કોલેજ ધ્વારા ચાલતી અધર એકટીવીટી જેવી કે સ્પોર્ટસ અને એન.એસ.એસ. માં વધુમાં વધુ વિદ્યાર્થીઓનો સહભાગ વધારવામાં આવે.

૩. લેડીઝ કોમનરૂમ બનાવવામાં આવે તેમજ દરેક ટોઈલેટ બ્લોકસની સુવિધા અને સ્વચ્છતા વધારવી.

૪. આચાર્યશ્રી જો રાજીનામું આપે તો નવા આચાર્યની ભરતી માટે વધુ ઝડપી પ્રોસેસ કરવામાં આવે અને વહેલામાં વહેલી તકે આચાર્યશ્રીની નિમણૂક કરાય.

૫. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને ગુજરાત સરકાર ધ્વારા વખતોવખત અમલમાં આવતા નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૬. ઓર્ડ. ૬૯ – એ અને ૬૯ – બી સંપૂર્ણપણે પાલન કરવામાં આવે.

૭. કોલેજની ઓફિસ (કાર્યાલય) કોલેજ કેમ્પસમાં જ રાખવામાં આવે.

૮. કોલેજ સંચાલનમાં જો કોઈ ખોટ જાય તો તે ભરપાઈ કરવાની જવાબદારી તરીકે સંપૂર્ણ જવાબદારી ટ્રસ્ટની રહેશે.

સિન્ડિકેટ, તેની તા.૯–૧–૨૦૦૪નાં રોજ મળેલ સભાની કાર્યવાહીને સિન્ડિકેટ, તા.૨૯–૧–૦૪ના રોજ મળેલ સભામાં બહાલી આપતી વેળાએ કાર્યવાહીના પાના નં–૫૧ ૫૨ ઠરાવ ક્રમાંક:(૧૨૧) સિન્ડિકેટનો ઠરાવ રદ ગણવા અને તેને બદલે પ્રસ્તુત બાબતની વિચારણા મુલતવી રાખવી એમ સુધારો કરેલ છે. એકેડમિક કાઉન્સિલની તા.૨૩–૧૨–૦૩ની સભાની ઉપરોકત ભલામણમાં જણાવેલ સમિતિએ સંચાલકમંડળના પ્રતિનિધિઓ તથા આચાર્ય ડૉ.એચ.કે.નાયક સાથે પરસ્પર પરામર્શ કરી યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સમિતિનો અહેવાલ તથા તા.૨૩–૩–૦૪નો પત્ર આ સાથે બિડાણ તરીકે સામેલ છે. (સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની વિચારણા મુલતવી રાખવી.

(૬) એમ.બી.એ.ફુલ ટાઈમ બીજા સેમેસ્ટ ૨(બે) ના વિધાર્થીઓની ખુટતી હાજરી કોન્ડોન કરવા સંદર્ભના ડી.બી.આઈ.એમ. અનુસ્નાતક વિભાગના પ્રોફેસર અને વડાશ્રી ધ્વારા તેમના તા.૨૦–૫–૨૦૦૪ ના પત્ર ક્રમાંક નં.MBA/Attendance(F.T.4)/51/2004 થી નીચેના વિધાર્થીઓની ખૂટતી હાજરી કોન્ડોન કરવાની સત્તા સિન્ડીકેટને હોય જે પર વિચારણા કરવા બાબત.

| ક્રમ | વિધાર્થીનું નામ | કુલ લેકચર | મીનીમમ લેકચર એટેન્ડડ | વિધાર્થીની હાજરી અને ટકા | ખુટતી હાજરી અને ટકા |
|---|---|---|---|---|---|
| ૧ | Patel Kishan P | 390<br>100% | 292<br>75% | 187<br>48.03% | 105<br>26.97% |
| ૨ | Desai Sonalben N. | 389<br>100% | 292<br>75% | 187<br>48.03% | 105<br>26.97% |

:: આથી ઠરાવવામાં આવે છે કે, એમ.બી.એ.ફુલ ટાઈમ બીજા સેમેસ્ટરના ઉપરોકત વિધાર્થીઓની હાજરી કોન્ડોન કરવી નહીં.

(૭) સરકારી પોલીટેકનીક, વલસાડમાં નવી સરકારી ડીગ્રી એન્જિનીયરીંગ કોલેજ (કોર્ષ: મિકેનીકલ એન્જિનીયરીંગ, કેમીકલ એન્જિનીયરીંગ) શૈક્ષણિક વર્ષ : ૨૦૦૪–૨૦૦૫ થી શરૂ કરવા પ્રસ્તુત કોલેજના ઇ.ચા.આચાર્યશ્રીએ તેમના તા.૯–૬–૨૦૦૪ના પત્રાંક:જીપીબી/એસી/૩૭૬ સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણ અરજી ઉપર વિચારણા કરવા બાબત (સિન્ડીકેટ)

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલજની સ્થાનિક તપાસસમિતિ પર સભ્યોની નિમણૂક કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

(૮) એકેડમિક કાઉન્સિલની તા.૦૮–૦૩–૨૦૦૪ ની સભાનો ઠરાવ ક્રમાંક: ૧૮ થી કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"ગ્રાન્ટ ઈન એઈડ/સ્વનિર્ભર કોલેજોમાં કે જયાં પ્રિન્સીપાલ/ડાયરેકટરશ્રીની જગા ખાલી પડે ત્યાં પ્રિન્સીપાલનો ચાર્જ સિનિયર ટીચરને આપવો અને તેની પૂર્વમંજૂરી યુનિવર્સિટી પાસેથી મેળવી લેવી. વધુમાં જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતા અપાયેલ નિમણૂક વહેલામાં વહેલી તકે કરવી. એવી ભલામણ સિન્ડિકેટને કરવામાં આવે છે." (શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની વિચારણા મુલતવી રાખવી.

(૯) સિન્ડિકેટ સભ્યશ્રી જયેશભાઈ દેશકર તરફથી નીચે જણાવેલ બાબત અંગે યુનિવર્સિટીને મળેલ તેમના તા.૧૮–૬–૨૦૦૪ ના પત્ર પર વિચારણા કરવા બાબત :

(૧) એમ.એસસી(કોમ્પ્યુટર સાયન્સ) નો પૂર્ણ સમયનો અભ્યાસક્રમ શરૂ કરવા બાબત

(૨) કોમ્પ્યુટર હાર્ડવેર એસેમ્બલીંગ એન્ડ મેઈન્ટેનન્સનો અભ્યાસક્રમ શરૂ કરવા બાબત.

(૩) અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ ઉભુ થાય તે માટે સર્ટિફિકેટ અભ્યાસક્રમ (Evening Programme) શરૂ કરવા બાબતે.

(૪) વિદ્યાર્થીઓને આપણી યુનિવર્સિટીમાં ચાલતા યુ.જી./પી.જી. અભ્યાસક્રમોની માહિતી મળે તે માટે હેન્ડબુક બનાવવા બાબતે.

(૫) વિદ્યાર્થીઓનું Aptitude નકકી કરવા એક રીસર્ચ સેન્ટર શરૂ કરવા માટે (એકેડમિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં જણાવેલ ક્રમાંક: ૧,૨ અને ૩ ના અભ્યાસક્રમ અંગેની બાબત ફેકલ્ટી સમક્ષ રજૂ કરવી. ક્રમાંક:૪ અંગે કુલસચિવશ્રી અનુસ્નાતક વિભાગના વડાઓ તથા ડીન સાથે પરામર્શ કરી આગળની તમામ કાર્યવાહી કરવી. ક્રમાંક : ૫ અંગે વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષ અને એજયુકેશન વિદ્યાશાખાની અધ્યક્ષ પાસે આ બાબતે જરૂરી સૂચનો મેળવી અધિકાર મંડળ સમક્ષ રજૂ કરવી.

(૧૦) પરીક્ષા આચાર સમિતિની તા.૨૬–૫–૨૦૦૪ ની સભાની કાર્યવાહીની બાબત ક્રમાંક : ૩ અને ૪ ની ભલામણો પર વિચારણા કરવા બાબત....

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા.૨૬–૫–૨૦૦૪ની કાર્યવાહીની ભલામણ ક્રમાંક: ૩ અને ૪ મુજબની યથાવત સ્વીકારવી. (પરિશિષ્ટ:'ક' )

(૧૧) ગાંધી વિદ્યાપીઠ, વેડછી સંચાલિત સમાજસેવા મહાવિદ્યાલય, વેડછીમાં શૈક્ષણિક વર્ષ : ૨૦૦૪ થી પાંચ વર્ષ માટે બી.આર.એસ. અભ્યાસક્રમનું ચાલુ/વધારાનું જોડાણ મેળવવા પ્રસ્તુત સંસ્થાના ઈન્ચાર્જ આચાર્યશ્રીએ તેમના તા.૯–૬–૨૦૦૪ના પત્રાંક:૨૦૦૪–૨૦૦૫/૩૧/રૂ૪૩ સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણ અરજી ઉપર વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલેજની જોડાણ અરજીના સંદર્ભમાં સ્થાનિક તપાસસમિતિ પર સભ્યોની નિમણૂક કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

(૧૨) શ્રી જય જલારામ તાલીમી સ્નાતક મહાવિદ્યાલય, થવા (તા.વાલિયા) ની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૪–૨૦૦૫ થી કૃષિ સાથે વધારાના નવા વિષયો (ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન) શરૂ કરવા અંગે સંસ્થાના મંત્રીશ્રીએ તેમના તા.૧–૬–૨૦૦૪ ના પત્રાંક : ૧૧૬ સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણ અરજી ઉપર વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલેજની જોડાણ અરજીના સંદર્ભમાં સ્થાનિક તપાસસમિતિ પર સભ્યોની નિમણૂક કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

(૧૩ ) એ.આઈ.સી.ટી.ઈ(A.I.C.T.E.), ભોપાલના રીજીયોનલ ઓફીસરે તેમના તા.૧૮–૫–૨૦૦૪ના પત્રાંક:૧–૧૩/૯૬/સીઆરસી/૩૨૯૬ થી સૂચિત ત્રણ કોલેજો, (૧) સી.કે.પીઠાવાલા કોલેજ ઓફ એન્જિનીયરીંગ એન્ડ ટેકનોલોજી, સુરત. (૨) બારડોલી પ્રદેશ કેળવણી મંડળ, બારડોલી અને (૩) સિગ્મા ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી એન્ડ એન્જિ., વડોદરાને A.I.C.T.E. તરફથી એમ.બી.એ(M.B.A) સ્વનિર્ભર અભ્યાસક્રમોની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૪–૦૫ માટે એપ્રુવલ આપી છે, તે જાણ થવા સારૂં. (સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની જાણ લેવી.

(૧૪) પ્રથમ વર્ષ બી.બી.એ. માં પ્રવેશ આપવા માટે નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ (બી.બી.એ.પ્રોગ્રામ) ઝાડેશ્વર, ભરૂચના આચાર્યશ્રીના તા.૮–૬–૨૦૦૪ ના મળેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, પ્રથમ વર્ષ બી.બી.એ.માં ચાલુ વર્ષે પ્રવેશ આપવા માટે નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ (બી.બી.એ. પ્રોગ્રામ) ઝાડેશ્વર, ભરૂચના આચાર્યશ્રીની વિનંતી સ્વીકારવી.

(૧૫) શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૦૪ માં મેનેજમેન્ટ કવોટાની જગ્યા બાબતમાં ભારતીય તબીબી અને હોમીયોપેથી પધ્ધતિના નિયામકની કચેરી ગુજરાત રાજય ગાંધીનગરના તા.૧૫–૬–૨૦૦૪ ના પત્રાંક:ચજન.સા.૧૨૮:૧૧૫૪૮–૬૪ ૨૦૦૪ ગ તથા તા.૧૭–૬–૨૦૦૪ ના પત્રાંક:ચજન:સા.૧૧૬૩૯–૫૫ ના પત્રની નોંધ લેવા બાબત. (શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની નોંધ લેવી.

(૧૬) શ્રી માછી મહાજન એજ્યુકેશન સોસાયટી, નાની દમણ સંચાલિત કોલેજ ઓફ એજ્યુકેશનની શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ થી ચાલુ જોડાણ કાયમી ધોરણે જોડાણ મેળવવા માટેની અરજીનાં સંદર્ભમાં, સિન્ડિકેટે કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસિમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા.૯–૦૬–૨૦૦૪ ની સભાના ઠરાવ નં.૧૮ અન્વયે, કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

<u>**એકેડેમિક કાઉન્સિલની તા.૦૯–૦૬–૨૦૦૪ ની સભાનો ઠરાવ ક્રમાંક : (૧૮)**</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી માછી મહાજન એજ્યુકેશન સોસાયટી, નાની દમણ સંચાલિત કોલેજ ઓફ એજ્યુકેશનની શૈક્ષણિક વર્ષ૨૦૦૪–૦૫ થી ચાલુ જોડાણ કાયમી ધોરણે જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં, સિન્ડિકેટે કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં જણાવેલ નીચેની શરતોને આધીન શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ થી કાયમી ધોરણે જોડાણ આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

<u>**શરતો :–**</u>

૧. પૂર્ણસમયનાં આચાર્યની નિમણૂક કરવામાં આવે.

૨. પૂર્ણસમયના સંસ્કૃતના શિક્ષકની નિમણૂક કરવામાં આવે.

૩. પૂર્ણસમયના લાયબ્રેરીયનની નિમણૂક કરવામાં આવે.

૪. રૂા.૧૫,૦૦૦/– ના લાયબ્રેરીના પુસ્તકો ખરીદવામાં આવે.

૫. વિધાર્થિનીઓ માટે ટોયલેટ, બાથરૂમની પૂરતી વ્યવસ્થા કરવામાં આવે.

૬. યુનિવર્સિટીના ઓર્ડિનન્સ–૬૯ એ અને ૬૯ બી નું કર્મચારીઓ માટે યર્થાથ પરીપાલન કરવામાં આવે.

૭. યુનિવર્સિટીના ધારાધોરણોનું યર્થાથ પાલન કરવામાં આવે.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરોકત ભલામણ સ્વીકારવી અને એકેડેમિક કાઉન્સિલે મૂકેલ તમામ શરતોનું યથાર્થ પરિપાલન કરે તે શરતે શ્રી માછી મહાજન સોસાયટી, નાની દમણ સંચાલિત કોલેજ ઓફ એજ્યુકેશનને શરતો ને આધીન શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ થી કાયમી ધોરણે જોડાણ આપવા રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૧૭) યુનિવર્સિટી કાર્યાલયમાં ડીન, કોલેજ ડેવલોપમેન્ટ કાઉન્સીલ(સી.ડી.સી.) ની જગા પર નિમણૂક કરવા અંગે ભલામણ કરવા ઓર્ડિનન્સ – ૩૭ અન્વયે, રચાયેલી પસંદગી સમિતિની તા.૨૪–૬–'૦૪ ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત. (વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયમાં ડીન, કોલેજ ડેવલોપમેન્ટ કાઉન્સિલ(સી.ડી.સી.) ની જગા માટે ફરીથી જાહેરાત આપવી.

(૧૮) યુનિવર્સિટીના વ્યાપાર અને ઉદ્યોગ સંચાલનના અનુસ્નાતક વિભાગમાં પ્લેસમેન્ટ ઓફિસરની જગા પર નિમણૂક કરવા અંગે ભલામણ કરવા ઓર્ડિનન્સ–૩૭ અન્વયે, રચાયેલી પસંદગી સમિતિની તા.૨૪–૬–'૦૪ ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત. (વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના વ્યાપાર અને ઉદ્યોગ સંચાલનના અનુસ્નાતક વિભાગમાં પ્લેસમેન્ટ ઓફિસરની જગા માટે ફરીથી જાહેરાત આપવી.

(૧૯) યુનિવર્સિટી કાર્યાલયમાં નાયબ કુલસચિવની જગા પર નિમણૂક કરવા અંગે ભલામણ કરવા ઓર્ડિનન્સ–૩૭ અન્વયે, રચાયેલી પસંદગી સમિતિની તા.૨૪–૬–'૦૪ ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત. (વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, કાર્યાલયમાં તમામ કુલસચિવની જગા ફરીથી જાહેરાત આપવી.

(૨૦) કુલસચિવની નિમણુક તથા યુ.જી.સી.ના પગારધોરણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, કાર્યસૂચિ પરના બધા બિડાણો વિચારણામાં લીધા અને આ વિષયમાં વિસ્તૃત સર્વગ્રાહી ચર્ચા કર્યા પછી નિર્ણય કરવામાં આવે છે કે, કુલસચિવશ્રીની જગા પર નિમણૂક પામેલા ડૉ.વિપીનભાઇ નાયકે તેમના પત્રથી કરેલ માંગણીનો અસ્વીકાર કરવો. પ્રસ્તુત જગા માટે ફરીથી જાહેરાત આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, કુલસચિવ ગ્રંથપાલ, નાયબ કુલસચિવ અને ચીફ એકાઉન્ટ ઓફીસરની જગાઓ માટે લાયકાત ધોરણો (વર્તમાન પગાર ધોરણોને ધ્યાનમાં લઇને) નકકી કરવા અંગેની સમિતિ પર નીચેના સભ્યોની નિમણૂક કરવી :

૧. શ્રી હેમંતભાઈ ટોપીવાલા

૨. શ્રી નૈષધભાઈ દેસાઈ

૩. ડો.પી.કે.હીરાધર

૪. આ.શ્રી જી.પી.સનાઢ્ય

૫. શ્રી જયેશભાઈ દેશકર

(૨૧) સ્વનિર્ભર કોલેજો/સંસ્થાઓના નવા/ચાલુ જોડાણ અંગેનો ઓર્ડિનન્સ–૬૬(૨)(B)માં જરૂરી સુધારો/વધારો કરવા અંગે કુલપતિશ્રીએ નિયુકત કરેલ સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની વિચારણા મુલતવી રાખવી.

**<u>અધ્યક્ષશ્રીની મંજૂરી થી નીચેની બાબત વિચારણા માટે રજૂ કરવામાં આવી હતી</u>**

(૨૨) M.Sc (IT) Self Finance Programme માં કોન્ટ્રાકટ બેઈઝ હંગામી ધોરણે Director, lecturers તથા Placement Officer ની જગાઓ માટે નિમણૂક કરવા આપવામાં આવેલ જાહેરાતના સંદર્ભમાં ઓર્ડિનન્સ – ૩૭ હેઠળ પસંદગી સમિતિની રચના કરવા બહારનાં ત્રણ નિષ્ણાંતોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત. (વહીવટી વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એમ.એસસી(આઈ.ટી.) સેલ્ફ ફાયનાન્સ પ્રોગ્રામમાં કોન્ટ્રાકટ બેઈઝ હંગામી ધોરણે ડાયરેકટર, લેકચરર્સ તથા પ્લેસમેન્ટ ઓફિસરની જગાઓ માટે ઓર્ડિનન્સ–૩૭ હેઠળ પસંદગી સમિતિની રચના કરવા બહારના ત્રણ નિષ્ણાંતોની નિમણૂક કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

યુનિવર્સિટી કાર્યાલય
સુરત. તા.૫–૭–૨૦૦૪ ઈ.ચા. કુલસચિવ
ક્રમાંક:એસ–૧(૧)/૫૫૩૦

પ્રતિ,
સિન્ડિકેટ ના સર્વે સભ્યશ્રીઓ............

(૨૨) અભિનવ એજ્યુકેશન ટ્રસ્ટ, સુરત દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ થી વાણિજ્ય વિદ્યાશાખાના બી.બી.એ. ના વર્ગના નવા જોડાણ માટેની જોડાણ અરજીના સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ યુનિવર્સિટી કાર્યાલયને રજૂ કરેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર એકેડમિક કાઉન્સિલે તેની તા.૨૨–૭–૨૦૦૨ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંક :(૩૧) અન્વયે, "અભિનવ ટ્રસ્ટ, સંચાલિત વિવેકાનંદ કોલેજ ઓફ એડ્વાન્સ કોમ્પ્યુટર એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ થી બી.બી.એ. નો સ્વનિર્ભર અભ્યાસક્રમ શરૂ કરવા જોડાણ આપવા કરેલ અરજીના સંદર્ભમાં નિયુકત થયેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલની શરત નં.૧ અનુસાર સરકારશ્રીના પરવાનગી તેમના ધારાધોરણ પ્રમાણે પ્રથમ મેળવવા જણાવવું." પ્રસ્તુત ઠરાવની જાણ યુનિવર્સિટી કાર્યાલયના તા.૨૭–૯–૨૦૦૨ ના પત્રાંક: એસ–એ(અભિ)(૨)/૧૭૧૦ થી પ્રસ્તુત ટ્રસ્ટને કરવામાં આવી હતી. ત્યારબાદ સદરહુ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટીશ્રીએ તેમના તા.૧૧/૧૪/૧૬–૬–૨૦૦૪ના પત્રથી જણાવ્યા મુજબ બી.બી.એ.ના નવા જોડાણ બાબતમાં રાજય સરકારના શિક્ષણ વિભાગની પરવાનગી મેળવવી જરૂરી નથી એમ જણાવ્યું છે, તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ: ૧.ઉપરોકત પત્રની નકલ બિડાણ તરીકે સામેલ છે.)

<u>શરત:૧</u> સંસ્થાએ બી.બી.એ. ચલાવવા માટે સરકારશ્રીના નવા જી.આર. પ્રમાણે સરકારશ્રીના પરવાનગી લેવી પડશે, ત્યારબાદ જ બી.બી.એ. કોર્ષ શરૂ કરી શકાશે.) (સિન્ડિકેટ)

(બિડાણ–)

યુનિવર્સિટી કાર્યાલય
સુરત. તા.૨૨–૬–૨૦૦૪
ક્રમાંક:એસ–૧(૧)/૫૧૭૪
પ્રતિ,

ઈ.ચા. કુલસચિવ
તા:૨૨–૬–૨૦૦૪